# શ્રી લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

## આર પી વસાણી કન્યા છાત્રાલય

719/4761,ગુજરાત હાઉસિંગ બોર્ડ,હરદાસબાપુ  પટેલ વાડીની બાજુમાં,શ્રીજી વિદ્યાલય ની પાછળ,બાપુનગર,અમદાવાદ-380024

# HOSTEL ADMISSION FORM

Date: ____________

**Student's Full Name:** ______________________________

**Mobile No:** ________________ **D.O.B :** ______________

**Student's Email Id:** ____________________________

**Father's Name:** _____________ **Father'sMobile:** __________

**Blood Group:** _____________ **Native Place:** ____________

**Adress:** ______________________________________________

__________________________________________________________

**Terms Start Date:** ___________ **Terms End Date:** ___________

## Current Exam Progress:

| College Name | Course Name | Sem/Std | Contact |
|---|---|---|---|
| | | | |

## Previouse Exam Progress:

| Education Category | Education Sub Category | Year | Board | Result |
|---|---|---|---|---|
| | | | | |

## Income Details:

| Person's Full Name | Relation With Candidate | Occupation | Business/Job Address | Income Per Year |
|---|---|---|---|---|
| | | | | |

## Declaration:

**I hereby declare that the details furnished above are true and correct to the best of my knowledge. I shall abide by the rules and regulations of the institute. The institute can use my candidature to recognize the performance of the institute.**

- હોસ્ટેલનું ફોર્મ ભરતી વખતે વિદ્યાર્થીની કોલેજની ફી ભર્યાની પહોંચમાં કોલેજના સહી-સિક્કાવાળી પહોંચ રજૂ કરવાની રહેશે.
- હોસ્ટેલનું ફોર્મ ભરતી વખતે જે વિદ્યાર્થીની કોલેજની જૂની કે ખોટી પહોંચ રજૂ કરશે તેનું એડમિશન રદ થશે.
- ખોટી માર્કશીટ રજૂ કરશે તો તેનું એડમિશન રદ થશે.
- ટર્મ સ્ટાર્ટ ડેટ અને ટર્મ એન્ડ ડેટ અવશ્ય લખવી

**Student's Sign** ________________

**Attached Documents:**

- 12$^{th}$,Last Year Marksheet.

# શ્રી લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

## <u>આર.પી. વસાણી કન્યા છાત્રાલય</u>

**719/4761, ગુજરાત હાઉસીંગ બોર્ડ, શ્રીજી વિદ્યાલય પાસે, બાપુનગર, અમદાવાદ-380024**

# સંસ્થાના નિયમો

1. આર. પી. વસાણી કન્યા વિદ્યાલય ચારિત્ર્ય ઘડતર, નેતૃત્વ, સમાજભાવના અને યુવાશક્તિના સંર્વાગી વિકાસ અને સ્વાવલંબન માટે તાલીમબદ્ધ વિદ્યાર્થીનીનીઓ તૈયાર થાય તેવી નેમ રાખે છે. જેથી સંસ્થા તરફથી યોજાતી તમામ જીવનઘડતરની પ્રવૃત્તિઓમાં વિદ્યાર્થીનીનીઓએ સ્કૂલ/કોલેજના સમય અને અભ્યાસને બાધા ન આવે તે રીતે હાજરી આપવાની રહેશે.
2. સૌરાષ્ટ્રના કોઈપણ જિલ્લાના વતની લેઉવા પટેલ અમદાવાદની સ્કૂલ/કોલેજમાં એડમિશન મેળવશે તેમને છાત્રાલયમાં ધોરણ-૧૧ ઉપરાંત ટેક્નિકલ એજ્યુકેશન (ડિગ્રી/ ડિપ્લોમા), એન્જિનિયરિંગ, મેડિકલ, ફાર્મસી, આર્કિટેક્ટ, પ્રોફેશનલ અભ્યાસક્રમ, તમામ અન્ડરગ્રેજ્યુએટ, ડીટુડીના વિદ્યાર્થીનીઓને પ્રવેશ આપવામાં આવશે.
3. પ્રવેશ મેળવનાર દરેક વિદ્યાર્થીનીઓએ પ્રવેશપત્ર સાથે નીચે મુજબનાં પ્રમાણપત્રો રજૂ કરવાં જરૂરી છે.
   - પાસપોર્ટ સાઈઝના બે ફોટોગ્રાફ્સ તેમજ આઈ.ડી. કાર્ડની ઝેરોક્ષ નકલ.
   - છેલ્લી પરીક્ષા પાસ કર્યાની અસલ માર્કશીટ તેમજ અધિકૃત વ્યક્તિ દ્વારા પ્રમાણિત કરેલ નકલ.
   - સ્કૂલ લિવિંગ સર્ટિફિકેટની ઝેરોક્ષ - પોતે પ્રમાણિત કરેલ નકલ.
   - સ્કૂલ, કોલેજમાં ચાલુ વર્ષની ફી ભર્યાની સહી-સિક્કાવાળી પહોંચની ઝેરોક્ષ
   - અધૂરી વિગતવાળું પ્રવેશફોર્મ રદ થશે.
4. છાત્રાલયમાં વિદ્યાર્થીનીનીઓએ પોતાનું આઈ.ડી. કાર્ડ રેક્ટર પાસેથી મેળવી લેવાનું રહેશે.
5. દરેક વિદ્યાર્થીનીનીઓએ ફાળવેલ રૂમ, બેડ મુજબ જ રહેવાનું રહેશે.
6. સ્કૂલ-કોલેજના વાર્ષિક દિનની ઉજવણી સિવાય કોઈપણ પાર્ટીમાં જવાની પરવાનગી છાત્રાલયમાંથી મળશે નહિ. કોઈપણ વિદ્યાર્થીનીનીને કોલેજમાં કે સ્કૂલમાંથી બારોબાર સગાસંબંધી અથવા મિત્રના ઘરે જઈ શકશે નહિ. જશે તો વાલી વિના છાત્રાલયમાં પ્રવેશ

મળશે નહિ. સંસ્થામાં બર્થ-ડે પાર્ટી કે અન્ય પાર્ટી ઉજવવા દેવામાં આવશે નહિ. આવી પાર્ટી ઉજવતાં જણાશે તો એડમિશન રદ કરવામાં આવશે.

7. કોઈપણ વિદ્યાર્થીનીની ચાલચલગત સારી ના હોય અથવા અન્ય વિદ્યાર્થીનીઓને નડતરરૂપ કોઈ વર્તન કરતા હોય તો ગમે ત્યારે પ્રવેશ રદ કરવામાં આવશે.

8. હોસ્ટેલ રૂમમાં કોઈપણ બહારની વ્યક્તિ ગેરકાનૂની રહેતાં પકડાશે તો તે રૂમમાં રહેતા વિદ્યાર્થીનીઓનો સંયુક્ત ગૂનો ગણી તમામનો પ્રવેશ રદ કરવામાં આવશે.

9. વેકેશન, અન્ય પ્રસંગે અથવા એડમિશન પૂર્ણ થતાં વાલી સાથે ફોન પર જાણ કરી છાત્રાલયના વહીવટ કર્તાની લેખિત મંજૂરી સિવાય છાત્રાલયની બહાર જઈ શકાશે નહિ તેમજ છાત્રાલયમાંથી વિદ્યાર્થીનીઓએ પોતાની કોઈપણ વસ્તુ બહાર લઈ જવા માટે કાર્યાલયમાં લેખિત મંજૂરી લેવાની રહેશે.

10. છાત્રાલયના વિદ્યાર્થીનીઓએ પોતાના રૂમની, ટોઈલેટ/બાથરૂમની સફાઈ જાતે કરવાની રહેશે. રૂમ બહાર રાખવામાં આવેલું પીવાનું પાણી જાતે જ રૂમમાં લઈ જવાનું રહેશે. પોતાના બેડ ઉપર બેડશીટ પાથરેલી હોવી ફરજિયાત છે.

11. છાત્રાલયના ફર્નિચર, ઈલેક્ટ્રીક ફિટિંગ્સ, લાઈટ, ટોઈલેટ/બાથરૂમ, બારી-બારણાં, કોમન લાઈટ, પંખા, લિફ્ટ, રસોડાનાં વાસણો અને સંસ્થાનાં અન્ય સાધનોનો કાળજીપૂર્વક ઉપયોગ કરવાનો રહેશે. જો વિદ્યાર્થીની દ્વારા કોઈપણ પ્રકારનું નુકસાન થશે તો તેની પાસેથી નુકસાનની રકમ ડીપોઝિટમાંથી વસૂલ કરવામાં આવશે તેમજ રૂમના ફર્નિચરને તેમનાં સ્થાનેથી ખસેડી શકાશે નહિ. છાત્રાલયની રૂમોની અંદર વિદ્યાર્થીનીઓએ કોઈપણ પોસ્ટર, ફોટા, છાપાં, ચાર્ટ કે અન્ય લખાણ રૂમના કે સંસ્થાના ફર્નિચર, દિવાલ કે કાચ ઉપર ચોંટાડવા કે લગાડવા નહિ. આવું કરનારને 100/- રૂપિયાનો દંડ કરવામાં આવશે.

12. છાત્રાલયમાં રહેતા વિદ્યાર્થીનીઓ કોઈપણ પ્રકારના જનઆંદોલન, રાજકીય આંદોલન, ધાર્મિક આંદોલન (ચળવળ)માં ભાગ લઈ શકશે નહિ.

13. છાત્રાલય બહારથી કોઈપણ પ્રકારનું જંક ફૂડ, ઠંડા પીણાં, બર્થ-ડે કેક તેમજ આઈસ્ક્રીમ લાવવાની સખ્ત મનાઈ છે.

14. રૂમમાં રેડિયો, ટી.વી., સ્પીકર, ટેપ કે અન્ય ખલેલ પહોંચાડતાં સાધનોનો ઉપયોગ કરવો નહિ. જો પકડાશે તો જપ્ત થશે અને રૂપિયા 501/- દંડ લેવામાં આવશે. ઉપરાંત ઈલેક્ટ્રીક સાધનો—જેવાં કે ઈલેક્ટ્રીક સગડી, ઈસ્ત્રી, હીટર વગેરે સાધનો વાપરી શકાશે નહિ તથા બંધ રૂમમાં ટ્યૂબલાઈટ, લેમ્પ કે પંખા ચાલુ રાખી શકાશે નહિ. ચાલુ રાખનાર પાસેથી દંડ વસૂલ કરવામાં આવશે.

15. દરેક વિદ્યાર્થીનીઓએ સહાધ્યાયીના રૂમમાં જવાની મનાઈ રહેશે. તેમ છતાં જો કોઈ કામ હોય તો સવારે 7.00 થી 8.00 અને સાંજે 7.00 થી 8.30 કલાક સુધીમાં પૂર્ણ કરવાનું રહેશે. અન્યથા શિસ્તભંગ ગણાશે. દરેક વિદ્યાર્થીનીનીઓએ છાત્રાલયના પરિસરમાં (કેમ્પસમાં) સભ્યતાથી વર્તવું તથા અશિષ્ટ ભાષાનો ઉપયોગ કરવાની સખ્ત મનાઈ છે, જેનાથી ભવિષ્યમાં ઊભા થતા ઝઘડા ટાળી શકાય.

16. બહારનો નાસ્તો લાવી શકાશે નહિ. કિચનની કોઈપણ વસ્તુ (થાળી, વાટકી, ચમચી, ગ્લાસ, ડીશ) વગેરે રૂમમાં કે અન્ય જગ્યાએ લઈ જનાર સામે શિસ્તભંગનાં પગલાં લેવાશે.

17. કુદરતી આફતો, જેવી કે ભૂકંપ, આગ તેમજ અન્ય ઘટનાથી વિદ્યાર્થીનીની જાનહાનિ થશે તો તેની જવાબદારી સંસ્થાની રહેશે નહિ.

18. મોબાઈલ કે લેપટોપનો ઉપયોગ ફક્ત શૈક્ષણિક કાર્ય માટે જ કરવાનો રહેશે તેમજ મોબાઈલ કે લેપટોપ બીજાને ડિસ્ટર્બ થાય તેવા મોટા અવાજે વાપરવા નહિ. તેમ કરતાં જણાશે તો તે દંડને પાત્ર ગણાશે.

19. એડમિશન વખતે તેમજ વાલીદિન રાખીએ તે દિવસે વિદ્યાર્થીનીઓનાં માતા-પિતા, વાલીએ ફરજિયાત સાથે આવવું.

20. સંસ્થામાં રજીસ્ટર્ડ કરેલ વાલીના મોબાઈલ નંબર સિવાય કોઈપણ અન્ય મોબાઈલ નંબર પર રજા માટેની મંજૂરી મળી શકશે નહિ. રજીસ્ટર્ડ મોબાઈલ નંબરમાં ફેરફાર વાલીની હાજરી વગર થશે નહિ.

21. છાત્રાલયમાં વિદ્યાર્થીનીઓએ કિંમતી દાગીના કે અન્ય કિંમતી ચીજવસ્તુ પહેરવાં નહિ તેમજ રાખવાં નહિ. તેમ છતાં ચોરી થશે તો તે માટે સંસ્થા જવાબદાર રહેશે નહિ. ટુ-વ્હીલર, ફોર-વ્હીલર ધરાવનાર વિદ્યાર્થીનીઓએ પોતાના વ્હીકલની આર.સી. બુક તેમજ ડ્રાઈવિંગ લાયસન્સની ઝેરોક્ષ વહીવટી ઓફિસમાં રેક્ટરને જમા કરાવવાની રહેશે.

22. સત્ર ફી ભર્યા પછી ચાલુ સત્રએ કોઈપણ કારણોસર વિદ્યાર્થીની છાત્રાલય છોડીને જતી રહે તો તેની ફી પરત આપવામાં આવશે નહિ.

23. દરેક વિદ્યાર્થીનીનીએ પલંગ, બેડ (પથારી), ઓશિકું (પીલો), ટેબલ, રાઈટિંગ ચેર તથા કબાટ આપવામાં આવશે. બેડશીટ તથા પીલો કવર (સેટ-૨) અને ચાદર-૧ સંસ્થામાંથી ચાર્જથી મળશે. દરેક રૂમમાં સિલિંગ ફેન, ટ્યૂબલાઈટ, એક મોટી બાલ્ટી, એક નાની બાલ્ટી, બે ટબલર, ડસ્ટબિન, સૂપડી, સાવરણી, પગલૂછણિયું તેમજ ટોઈલેટ બ્રશ આપવામાં આવશે, જેની સાચવણી રૂમમાં રહેતા વિદ્યાર્થીનીનીઓની સામુહિક જવાબદારી રહેશે. દરેક રૂમ વ્યવસ્થિત અને પથારી સુઘડ રાખી સ્વચ્છતાને પ્રાધાન્ય આપવાનું રહેશે. દર આઠ

દિવસે વિદ્યાર્થીનીઓએ સ્વખર્ચે બેડશીટ-પીલો કવર ધોવડાવવાનાં રહેશે અથવા જાતે ધોવાનાં રહેશે.

24. સંસ્થા તરફથી રસોડાનું સંચાલન કરવામાં આવે છે. જ્યારે સંસ્થાનું રસોડું ચાલુ હશે ત્યારે તમામ વિદ્યાર્થીનીઓએ સંસ્થાના રસોડામાં જ જમવાનું રહેશે. ભોજનાલયના સઘળા નિયમોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. ભોજનનો બગાડ કરવો નહિ. ડિશમાં કોઈપણ એંઠવાડ રાખવો નહિ. કોઈપણ સંજોગોમાં ભોજન અંગે કટ આપવામાં આવશે નહિ. છાત્રાલયનો નક્કી કરેલો ભોજનનો સમય - સવારનો નાસ્તો 6.00 થી 8.00 કલાક સુધી, બપોરનું ભોજન 10.00 થી 1.00, સાંજનું ભોજન 6.45 થી 7.45 કલાક સુધી જ વ્યવસ્થા કરવામાં આવશે. સમય પૂરો થયા બાદ વ્યવસ્થા થશે નહિ. ભોજનનો સમય અનુકૂળ હોય તેમણે જ પ્રવેશ મેળવવો. સંસ્થાના મેનૂ મુજબ જ રસોઈ બનશે, અલગથી બનશે નહિ.

25. છાત્રાલય છોડતા પહેલાં રૂમ ક્લીઅરન્સ સર્ટીફિકેટ મેળવવું જરૂરી રહેશે.

26. છાત્રાલયના વહીવટી કર્તાઓ, ટ્રસ્ટીશ્રીઓ, સમાજના વડીલો, આગેવાનો, રેક્ટર, કીચન મેનેજર, ડોરકીપર અને અન્ય કર્મચારીઓ સાથે પ્રત્યેક વિદ્યાર્થીનીઓએ વિનયપૂર્વક વર્તવાનું રહેશે. એમની સાથે અનિષ્ટ વ્યવહાર કે તકરાર કરનાર વિદ્યાર્થીનીનો પ્રવેશ વાલીશ્રીને જાણ કર્યા વગર જ રદ કરાશે.

27. છાત્રાલયમાંથી વિદ્યાર્થીનીનો નિમ્નલિખિત બાબતોમાં પ્રવેશ રદ કરવામાં આવશે :

    1. તોડફોડ અને મારપીટની પ્રવૃત્તિ કેમ્પસમાં અંદર કે બહાર કરશે.
    2. છેતરપીંડિના કેસમાં સામેલગિરિ.
    3. સંસ્થાની છબીને જાણી જોઈને ખરાબ ચિતરવાનો પ્રયત્ન કરશે.
    4. સંસ્થાના હિત વિરુદ્ધનું વર્તન વાલી કે વિદ્યાર્થીની કરે ત્યારે.
    5. સંસ્થાના નિયમોનું ઉલ્લંઘન વાલી કે વિદ્યાર્થીની કરે ત્યારે.
    6. વિદ્યાર્થીની ઉશ્કેરણીજનક વર્તન કે પ્રવૃત્તિ કરતા જણાય ત્યારે.
    7. ખોટી માહિતી રજૂ કરી પ્રવેશ મેળવ્યાનું ધ્યાન પર આવે ત્યારે તેની ફી પરત આપવામાં આવશે નહિ.

28. સંસ્થાના હોદ્દેદારો કે પદાધિકારીઓ ગમે તે સમયે વિદ્યાર્થીનીના રૂમ કે સરસામાનની તપાસ કરી શકશે અને તપાસ દરમ્યાન પ્રતિબંધિત ચીજ-વસ્તુઓ ધ્યાનમાં આવશે તો તેવા વિદ્યાર્થીનીઓ દંડને પાત્ર રહેશે.

29. પૂર્વમંજૂરી સિવાય રાત્રે 9.00 કલાક પછી છાત્રાલયમાંથી બહાર જવા દેવામાં કે રાત્રે 10.00 કલાક પછી બહારથી છાત્રાલયમાં પ્રવેશવા દેવામાં આવશે નહિ. અમદાવાદ શહેરમાં સગાસંબંધીના અને અન્ય વ્યક્તિઓના ઘરે કોઈપણ પ્રસંગ કે કામ માટે રજા આપવામાં આવશે નહિ.

30. વિદ્યાર્થીનીઓએ તેમજ તાલીમાર્થીઓએ આવવા તથા જવા માટે મુખ્ય પ્રવેશદ્વારનો જ ઉપયોગ કરવો ફરજિયાત છે. જો કોઈ દીવાલ કે ઝાંપો કૂદી અન્ય ખોટી રીતે છાત્રાલયમાં પ્રવેશ કરશે કે બહાર જશે તો તેનું એડમિશન રદ કરવામાં આવશે.

31. દરેક વિદ્યાર્થીનીઓએ શાળા-કોલેજમાં સમયપત્રક મુજબ હાજરી આપવી ફરજિયાત છે. તે સિવાયના સમયમાં છાત્રાલયમાં રહીને શાંતિથી અભ્યાસ કરવાનો રહેશે તેમજ દરેક વિદ્યાર્થીનીઓએ સંસ્થા દ્વારા યોજાતા રાષ્ટ્રીય તહેવારો તથા અન્ય કાર્યક્રમોની ઉજવણીમાં અચૂક હાજરી આપવાની રહેશે અને ફરજિયાત જોડાઈને સેવા આપવાની રહેશે. શાળા-કોલેજ, ક્લાસ, ટ્યૂશનના સમયે છાત્રાલય બહાર જઈ શકાશે અને સમય પૂરો થાય એટલે વ્યાજબી સમયમાં છાત્રાલય પરત ફરવાનું રહેશે.

32. છાત્રાલયમાં રહેતા વિદ્યાર્થીનીએ કોઈપણ જગ્યાએથી કે રૂમમાંથી કોઈપણ વસ્તુ બિનઅધિકૃત રીતે લઈ જતા પકડાશે તો તાત્કાલિક એડમિશન રદ કરવામાં આવશે. છાત્રાલયની રૂમમાં રહેતા બધા વિદ્યાર્થીનીઓએ રૂમની અંદર થયેલા નુકસાન સરખે ભાગે વહેંચી લેવાનું રહેશે.

33. શૈક્ષણિક સત્ર પ્રમાણે જે વિદ્યાર્થીની સંલગ્ન અભ્યાસ કરતી હોય તેવી વિદ્યાર્થીનીને જ કન્યા છાત્રાલયમાં પ્રવેશ આપવામાં આવશે. અભ્યાસક્રમ પૂરો થયે એડમિશન પૂર્ણ થયું ગણાશે અને વિદ્યાર્થીનીને ફાળવેલો જે તે રૂમ ખાલી કરી દેવો પડશે. છાત્રાલયમાં રહેનાર વિદ્યાર્થીની અભ્યાસની સાથે નોકરી (જોબ) કરી શકશે નહિ.

34. છાત્રાલયમાં દાખલ થનાર વિદ્યાર્થીનીઓને પોતાની કાયમી બિમારી અંગેની જાણ સંસ્થાને અગાઉથી કરવાની રહેશે. સંજોગોવશાત્ બિમાર વિદ્યાર્થીનીને તાત્કાલિક સારવાર કરવા માટે સંસ્થા કાર્યવાહી કરશે. વિદ્યાર્થીનીઓએ માંદગીના સંજોગોમાં સંભાળ રાખવા માટે અમદાવાદમાં રહેતા બે સગા-સંબંધીઓના મોબાઈલ નંબર, સરનામું, ઈ-મેલની વિગતો આપવાની રહેશે. બિમારીના સંજોગોમાં વિદ્યાર્થીનીનીને રેક્ટરની મંજૂરી મેળવ્યા બાદ વાલી સાથે ઘરે લઈ જવા દેવામાં આવશે.

35. છાત્રાલયમાં અથવા કેમ્પસમાં આઈ.ડી. કાર્ડ પહેરવું ફરજિયાત છે તેમજ ટૂંકાં વસ્ત્રો પહેરીને ફરવાની સખ્ત મનાઈ છે.

36. આપને સંસ્થા તરફથી મળતી સુવિધાઓ સંસ્થાની સમાજભાવના છે, જે અધિકાર ભાવનામાં આવતી નથી. તેની ખાસ નોંધ લેવાની રહેશે.

37. જો વિદ્યાર્થીનીઓ ઉપરોક્ત નિયમોનો ભંગ કરશે તો સંસ્થા તરફથી શિસ્તભંગનાં પગલાં લેવામાં આવશે, જે વિદ્યાર્થીનીને બંધનકર્તા રહેશે.

38. આખરી તમામ નિર્ણયો સંસ્થા/મેનેજમેન્ટના રહેશે.

ઉપરના તમામ નિયમો મેં સમજદારીપૂર્વક વાંચ્યા છે અને હું તેનું ચુસ્તપણે પાલન કરવા માટેની બાહેંધરી આપું છું.

| વાલીનું નામ/સરનામું અને સહી | વિદ્યાર્થીનીનું નામ/સરનામું અને સહી |
|---|---|
| ______________________________ | ______________________________ |
| ______________________________ | ______________________________ |
| ______________________________ | ______________________________ |
| મોબાઈલ નંબર _________________ | મોબાઈલ નંબર _________________ |
| ______________________________ | ______________________________ |
| સહી | સહી |